અક્રમ યુથ

મે ૨૦૨૨ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹ 20

અનુક્રમણિકા

૦૪ પોતાની જાતને ચકાસીએ

૦૬ તું ય ભૂલી ગયો ?

૧૦ જ્ઞાની વિથ યુથ

૧૨ અપેક્ષાનું પરિણામ !

૧૫ સિક્કાની બીજી બાજુ

૧૯ નીરુમાનું નિરપેક્ષ જીવન

૨૧ યુથ અનુભવ

૨૩ કવિતા

વર્ષ: ૧૦, અંક : ૧
સળંગ અંક : ૧૦૯
મે ૨૦૨૨

સંપર્ક સૂત્ર :
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth

તંત્રી - ડિમ્પલ મહેતા

Printer & Published by
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by : Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Published at : Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page

Subscription
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds

5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.

© 2022, Dada Bhagwan Foundation.
All Rights Reserved

સંપાદકીય

પ્રિય વાચક મિત્રો,

મને પૂરો વિશ્વાસ છે કે અક્રમ યુથ મેગઝિનના માધ્યમ દ્વારા દર મહિને પ્રાપ્ત થતી સમજણરૂપી ચાવીઓ તમને મૂંઝવતી નાની-મોટી સમસ્યાઓના તાળા સહેલાઈથી ઉઘાડવામાં મદદરૂપ સાબિત થતી જ હશે.

આ મહિને, આવી જ એક સોનેરી ચાવી લઈને ફરી આવ્યો છે અક્રમ યુથનો નવો અંક જેનો વિષય છે 'અપેક્ષા' શબ્દ તો બહુ સાદો છે અને આપણા સહુના જીવન વ્યવહારમાં સાહજિક રીતે જ વણાયેલો છે. આપણે સતત કશાકની અપેક્ષા રાખીએ છીએ અને કોઈકની પાસેથી અપેક્ષા રાખીએ છીએ. સવારે ઉઠ્યા ત્યારથી લઈને રાત્રે સુતા સુધી માતા-પિતા, મિત્રો, ભાઈ-બહેન, ટીચર્સ, ચીજ-વસ્તુઓ, વગેરે-વગેરે સાથે આપણી કઈંક ને કંઈક અપેક્ષા જોડાયેલી હોય છે અને જો આપણી અપેક્ષા પ્રમાણે ન બને તો દુઃખી થતા હોઈએ છીએ.

પ્રસ્તુત અંકમાં સંકલિત કરવામાં આવેલી સમજણને આવા દરેક પ્રસંગમાં જો હાજર રાખવામાં આવે તો તમે હંમેશા સુખમાં અને આનંદમાં રહી શકશો એવી ‘અપેક્ષા’, સોરી,,, આશા રાખવામાં મને જરાય અજુગતું નથી લાગતું.

જય સચ્ચિદાનંદ !!!

- ડિમ્પલભાઈ મહેતા

પોતાની જાતને ચકાસીએ

નીચેના પ્રશ્નોના જવાબ આપજો.

૧) મારા બેસ્ટ ફ્રેન્ડને મેં વોટ્સ-એપ મેસેજ કર્યો હોય અને બ્લુ ટીક થઈ ગઈ હોય, એણે મેસેજ રીડ કરી દીધો હોય તો પણ રીપ્લાય ના આવે તો હું ડિસ્ટર્બ થઈ જાઉં અને સતત ફોન ચેક કર્યા કરું.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

2) બધા ફ્રેન્ડ્સ મળીને કોઈક પ્લાન કરી રહ્યા હોય અને મને મેસેજ ના કરે તો મને દુ:ખ થાય.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

3) મારા ભાઈ, બહેન કે કોઈ ફ્રેન્ડ સાથે મારો ઝગડો થયો હોય તો એવું રહે કે એણે મને સામેથી આવીને સોરી કહેવું જોઈએ.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

4) મારી પાસેથી કંઈક જોઈતું હોય ત્યારે બધા મારી સાથે સારી રીતે વાત કરે અને પછી કામ પતે એટલે ભૂલી જાય તો મને દુ:ખ થાય.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

5) મમ્મીએ રોજ મારું ભાવતું જ બનાવવું જોઈએ એવું મને થાય.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

6) કોઈ ફ્રેન્ડ કે કલીગ રસ્તામાં મળ્યા હોય ને સામે જુએ નહીં કે બરાબર રીસ્પોન્સ ના આપે તો મને ન ગમે.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

7) હું બીમાર હોઉં ત્યારે મારા ફ્રેન્ડ્સ મારી ખબર પણ ના પૂછે તો મને એમના માટે ફરિયાદ રહે.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

8) મારી વહેલી સવારે એક્ઝામ હોય ને ઘરમાં કોઈ મને ઉઠાડે નહીં તો મને ગુસ્સો આવે.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

9) હું મારા માટે મારી કેપેસિટી કરતા વધારે ઊંચો ગોલ સેટ કરું છું.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

10) જયારે અમારો બે જણનો વ્યુપોઈન્ટ જુદો પડે ત્યારે મારા ફ્રેન્ડ્સ મારો પક્ષ લે એવી મને ઈચ્છા હોય.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

11) મારી નજીકની વ્યક્તિઓ મને સમજે, મારી કદર કરે એવી મને ઈચ્છા રહ્યા કરે.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

12) હું ગ્રુપમાં બધાની વચ્ચે બોલી ના શકું પણ બોલવાની ઈચ્છા હોય ત્યારે એવું થાય કે કોઈક મારો વ્યુ સામેથી પૂછે તો સારું.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

13) મારે કોઈ કામનું પ્રેઝન્ટેશન સરસ રીતે કરવું હોય પણ એ જોઈએ એવું સારું ના થાય તો હું અપસેટ કે ડિસ્ટર્બ થઈ જાઉં.

☐ કદી નહીં ☐ ક્યારેક ☐ હંમેશા

હવે જવાબોનું ટોટલ કરીએ. **(કદી નહીં = ૧૦ points ; ક્યારેક = ૫ points ; હંમેશા = 0 points)**

હવે આ સ્કોરને નોટ ડાઉન કરીએ. આ સ્કોરથી આપણને સમજાશે કે આપણને ક્યાં, કોની પાસેથી, કેટલી અપેક્ષા રહે છે.

તું ય ભૂલી ગયો ?

"અહીં તું રડે છે... ત્યાં એ તને ફોન પર ફોન કરે છે... કંઈક તો થયું છે રાઈટ ?"

"નથીંગ પપ્પા. લીવ મી અલોન પ્લીઝ !"

"સ્યોર. ટેક યોર ટાઈમ. પણ આર્ય બેટા... શ્લોકની ફ્રેન્ડશિપ તારી સ્ટ્રેન્થ છે. જોજે એ તારી વીકનેસ ના બની જાય !"

આર્ય અને શ્લોક નાનપણના બેસ્ટ ફ્રેન્ડ્સ ! ભણવાનું હોય કે બર્થ ડે પાર્ટી, ગેમ્સ હોય કે સ્પોર્ટ્સ, પિકનિક કે આઉટિંગ, બધામાં સાથે જ હોય. બંનેએ એક જ કોલેજમાં એડમિશન પણ લીધું. આ બાજુ આર્ય ભણવામાં અને પ્રોફેસર સાથે રીસર્ચમાં બિઝી થઈ ગયો હતો. બીજી બાજુ શ્લોકે કોલેજ સાથે પાર્ટ ટાઈમ વાઈલ્ડ-લાઈફ ફોટોગ્રાફીનો કોર્સ શરૂ કર્યો હતો. આ કોર્સમાં શ્લોકના નવા નવા ફ્રેન્ડ્સ બન્યા હતા. આર્ય એના ફ્રી ટાઈમમાં ભણવા ઉપર ફોકસ કરતો એટલે ફ્રેન્ડ્સ ઓછા બન્યા હતા પણ તે શ્લોકના ફ્રેન્ડ્સ સાથે જ હળીમળી ગયો હતો. જોતજોતામાં એક વર્ષ નીકળી ગયું. કોલેજના ફર્સ્ટ યરમાં આર્યનો યુનિવર્સિટીમાં પહેલો નંબર આવ્યો.

આર્યને સૌથી પહેલાં પોતાની ખુશી શ્લોક સાથે શેર કરવાની ઈચ્છા થઈ.

"હે શ્લોક ! ગેસ વોટ ?"

"કોન્ગ્રેટ્સ આર્ય ! મને તો ખબર જ હતી કે તું ટોપ કરીશ. એમ કહે પાર્ટી ક્યારે આપે છે ?" શ્લોકે કહ્યું.

"વેરી સુન દોસ્ત !"

આર્ય પાર્ટી માટે એક્સાઈટેડ હતો. બે-ત્રણ દિવસમાં રીસર્ચનું કામ પતાવીને તેણે વીકએન્ડમાં ખાસ શ્લોક માટે પાર્ટીનો પ્લાન કર્યો. બધા ફ્રેન્ડ્સને પણ ઈન્વાઈટ કર્યા અને છેલ્લે શ્લોકને ફોન કર્યો. પણ શ્લોકનો ફોન લાગતો જ નહોતો. બીજી વખત... ત્રીજી વખત... દર વખતે એક જ

જવાબ,'આ ફોન નેટવર્ક કવરેજની બહાર છે.' છેવટે આર્યએ શ્લોકના ફાધરને ફોન લગાડ્યો.

"અરે બેટા... શ્લોક તો બે દિવસથી વાઈલ્ડલાઈફ કેમ્પિંગ ટુરમાં ગયો છે ! તું નથી ગયો એની સાથે ?"

"ઓહ ! ઓ.કે. ના અંકલ. મૂકું."

આર્ય ઉદાસ થઈ ગયો. આખો દિવસ વીતી ગયો પણ શ્લોકનો કૉલબેક ના આવ્યો. શ્લોક વગર તો પાર્ટી ના થાય, એટલે આર્યએ પાર્ટી કેન્સલ કરીને બધાને મેસેજ કરી નાખ્યો. શ્લોકના ફોનની બહુ રાહ જોઈ પણ વાત ના થઈ. હવે આર્યને ખૂબ ગુસ્સો આવવા લાગ્યો. મનમાં ધમાસાણ વિચારો ચાલતા હતા. ઠેઠ બીજા દિવસે સવારે શ્લોકનો ફોન આવ્યો.

"સોરી આર્ય, કાલે તારા કૉલ મિસ થયા... અહીં સિગ્નલ બહુ ખરાબ છે."

"તું ફ્રેન્ડ્સ સાથે ટ્રિપ કરે છે ને મને કહેતો પણ નથી ? અહીં હું તારા માટે પાર્ટી આપું છું, ને તું છે કે... તને મારી ખુશીનો જરાય ખ્યાલ નથી ? યાર, બીજા ભૂલી જાય તો ઠીક છે, પણ તું ય મને... ?" આર્યનો ગળે ભરાયેલો ડૂમો ગુસ્સા સાથે બહાર નીકળી ગયો.

"અરે પણ અચાનક પ્લાન... અને સ્ટડી ટ્રિપમાં..." શ્લોક કંઈપણ એક્સપ્લેન કરવા જાય એ પહેલા આર્યએ ફોન કટ કર્યો અને મોબાઈલ સોફા પર ફેંકીને એના રૂમમાં જતો રહ્યો.

સાંજે આર્યના મોબાઈલ પર એક પછી એક એમ ત્રણ રિંગ વાગી.

"આ છોકરો પણ... ફોન અહીં મૂકીને ગયો છે... રિંગ પણ નથી સાંભળતો." આર્ય એના રૂમમાંથી આવીને ફોન ઉપાડે તેની રાહ જોતાં, છેવટે સમીધભાઈ રવિવારની પૂર્તિ બાજુ પર મૂકીને ઊભા થયા, ને ફોન ઉપાડ્યો.

"હેલો..."

"હેલો અંકલ, આર્ય છે ?"

"શ્લોક બેટા ... એ સૂતો લાગે છે. એક મિનિટ ચાલુ રાખ." આર્યના રૂમનો દરવાજો ખોલીને સમીધભાઈએ અંદર ડોકિયું કર્યું.

"આર્ય બેટા... શ્લોકનો ફોન છે. આર્ય... આર્ય ?"

આર્યની આંખો ખૂલી. એણે પપ્પા સામે જોયું. સમીધભાઈએ ફોન એની સામે ધર્યો પણ આર્યએ મોઢું ફેરવી નાખ્યું ને ફોન ના લીધો.

"એ ... એ તો ઘોડા વેચીને સૂતો છે. જાગે એટલે ફોન કરાવું." શ્લોકનું મન સાચવવા સમીધભાઈ ખોટું બોલ્યા.

"મને ખબર છે અંકલ... એ જાગે છે. નેવર માઈન્ડ !" ફોન સામેથી કટ થયો.

સમીધભાઈ આર્યના પલંગની કિનારીએ બેઠા. દીકરાના માથે હાથ ફેરવીને પૂછ્યું, "બેટા, તારા બેસ્ટ ફ્રેન્ડ સાથે ઝગડો થઈ ગયો ?" આર્યએ માથું ધુણાવીને "ના" કહી.

"તો પછી આમ ક્યાં સુધી એના ફોનને અવોઇડ કરીશ. જે હોય તે એની સાથે વાત

કરી લેતો હોય તો ?"

આર્યએ આંખો લૂછીને પડખું ફેરવ્યું. એના ભીના ઓશીકા તરફ જોઈને સમીધભાઈએ આછા હાસ્ય સાથે કહ્યું,

"અહીં તું રડે છે... ત્યાં એ તને ફોન પર ફોન કરે છે... કંઈક તો થયું છે રાઈટ ?"

"નથીંગ પપ્પા. લીવ મી અલોન પ્લીઝ !"

"સ્યોર, ટેક યોર ટાઈમ. પણ આર્ય બેટા... શ્લોકની ફ્રેન્ડશિપ તારી સ્ટ્રેન્થ છે. જોજે એ તારી વીકનેસ ના બની જાય !" વધારે બોલ્યા વગર સમીધભાઈ રૂમની બહાર નીકળી ગયા અને બારણું ધીમેથી બંધ કર્યું.

આર્ય પપ્પાના આ શબ્દો ઉપર વિચારતો હતો. ત્યાં જ તેના ફોન ઉપર "ટિંગ" નોટિફિકેશન આવ્યું. પપ્પાએ ફોરવર્ડ મેસેજ મોકલ્યો હતો.

"તમારી સ્ટ્રેન્થને વીકનેસ કોણ બનાવે છે ?... એ જાણવા વાંચો આ શોર્ટ સ્ટોરી" આર્યએ મેસેજ ખોલ્યો અને આંસુ લૂછીને વાંચવા માંડ્યું.



સ્ટોરી વાંચીને આર્યનું મન સ્થિર થયું.

એટલામાં સ્વીટી રૂમમાં આવી. "ભાઈ... લે આ મેંગો મિલ્કશેક પી લે. આમ તો મમ્મીએ તારું ભાવતું શાક બનાવ્યું છે. પણ આજે તને કશું ભાવશે નહીં, રાઈટ ?"

નાની બેનની આ પ્રેમભરી ટીખળ સાંભળીને આર્યને હસવું આવ્યું. એણે બેઠા થઈને મિલ્કશેકનો ગ્લાસ હાથમાં લીધો.

"આ પાર્ટી કેન્સલ થઈ... ઈટ્સ ઓ.કે... મારી બર્થ ડે આવે જ છે... ત્યારે આપી દેજે !"

"ઓફ કોર્સ સ્વીટી... તારી આ બર્થ ડે પર પાર્ટી મારા તરફથી !" બીજાને સારું ફીલ કરાવવામાં પોતાનો મૂડ સુધરી જાય એવું કંઈક આર્ય સાથે બન્યું. તેનો મૂડ હળવો થયો અને શ્લોક માટેનો ગુસ્સો પણ. તોય શ્લોક સાથે વાત કરવાની હજુ તેની તૈયારી નહોતી.

શ્લોક પણ ટ્રિપ પતાવીને બે વખત આર્યના ઘરે આવી ચૂક્યો હતો, એને મનાવવા. પણ બંને વખત આર્ય બહાનું બતાવીને ન મળ્યો. અઠવાડિયું વીતી ગયું. આર્યએ એના રીસર્ચમાં ફોકસ કરવા માંડ્યું. એ ન તો કોઈ ફ્રેન્ડ સાથે બહાર જતો કે ના કોઈને ફોન કરતો. દિવસ-રાત કોલેજની લાયબ્રેરી અને લેબમાં ગાળતો.

બિઝી રહેવાથી દુઃખને ભુલાવવું સરળ થઈ પડે છે. આર્ય થોડો નોર્મલ થયો. એક મોડી રાત્રે તે થાકીને ઘરે આવ્યો. રોજની જેમ સ્વીટીએ બારણું ખોલ્યું. પણ રોજ "હાઉ આર યુ ભાઈ ?" કહીને હસીને બોલાવતી સ્વીટી આજે બારણું ખોલીને સીધી એના રૂમમાં જતી રહી. બીજા બધા સૂઈ ગયા હતા. ડાઈનીંગ ટેબલ ઉપર સરસ મજાનું જમવાનું હતું. આર્ય હાથ ધોઈને જમવા બેઠો. સામે એક બાઉલનું ઢાંકણ ખોલ્યું તો એમાં કેકના એક ટૂકડા પર લખેલું હતું, "હેપ્પી બર્થ ડે સ્વીટી !"

"ઓહ નો ! હું ભૂલી ગયો. સ્વીટીને મેં પાર્ટી આપવાનું પ્રોમિસ આપ્યું હતું !"

ત્યાં જ સમીધભાઈ બહાર આવ્યા અને આર્યના ખભે હાથ મૂકીને બોલ્યા.

"બેટા ! આ પાર્ટીની આશામાં સ્વીટીએ તો એનો આખો દિવસ બગાડ્યો. પણ તું તારી ફ્રેન્ડશીપ કેમ બગાડે છે ?"

આર્ય પપ્પા સામે તાકી રહ્યો. સમીધભાઈની આંખો આર્યને કશુંક કહી રહી હતી. તરત તેણે શ્લોકને મેસેજ કર્યો.

"સોરી શ્લોક... કાલે ડબલ પાર્ટી કરીએ ? બીજું કોઈ નહીં... બસ તું, હું અને સ્વીટી !"

જ્ઞાની વિથ યુથ

પ્રશ્નકર્તા : પૂજ્યશ્રી, ફ્રેન્ડ્સ પાસે કેવી એક્સપેક્ટેશન્સ રાખવાની ને કેટલી લિમિટ સુધીની એક્સપેક્ટેશન્સ રાખવાની ?

પૂજ્યશ્રી : ઝીરો એક્સપેક્ટેશન રાખવી અને ક્યારેય એ પૂરી થાય એવી આશા નહીં રાખવાની. આપણે આપી છૂટવાનો ભાવ રાખો ને ! આપણે શું કામ ભીખ માંગીએ કે "મેં દસ કર્યું. તારે મારું એક તો કરવું જોઈએ !" આપણે શું કામ ભીખારીવેડા કરીએ ?

પ્રશ્નકર્તા : પણ ફ્રેન્ડશીપમાં એક્સપેક્ટેશન્સ ક્યાંક ને ક્યાંક આવી જ જાય છે.

પૂજ્યશ્રી : હા. એટલે એક્સપેક્ટેશન્સ ફુલફિલ ના થાય ને તો આપણે રેડી રહેવાનું કે સંજોગોવશાત ના પણ થાય. મારે કકળાટ કરવો નથી. જે દહાડે અપેક્ષા પૂરી ના થાય ત્યારે ઝઘડો નહીં કરવાનો. પપ્પાને આપણે ઘરે ફોન કરીને કહ્યું હોય કે 'હું સાત વાગે આવી જઉં છું' પણ ટ્રાફિક નડે ને આપણને મોડું થાય, એવું બને ખરું ?

પ્રશ્નકર્તા : હા !

પૂજ્યશ્રી : પછી તને પપ્પા વઢે કે સમજી જાય ? કે ના ટ્રાફિકમાં મોડું તો થાય. અમદાવાદનો ટ્રાફિક ! એટલે સમજે કે 'ના, તારી ભૂલ નથી. સંજોગોવશાત મોડું થયું.' તે 'હું સાત વાગે આવીશ' એમ કહ્યું હોય ને સાત વાગે તું ના જાય તો ઘરવાળાએ ઝઘડો કરવાનો, મારવાનું કે કાઢી મુકવાનું ?

પ્રશ્નકર્તા : ના, પણ પછી ફ્રેન્ડ્સમાં કેવું થાય કે

ઝીરો એક્સપેક્ટેશન રાખવી અને ક્યારેય એ પૂરી થાય એવી આશા નહીં રાખવાની. આપણે આપી છૂટવાનો ભાવ રાખો ને !

એક્સપેક્ટેશન્સ પૂરી ના થાય તો એના પ્રત્યે અભાવ થઈ જાય કે ગુસ્સો આવી જાય. એવું બધું બહું થાય.

પૂજ્યશ્રી : હા પણ, એક્સપેક્ટેશન રાખવી એ આપણી ભૂલ કહેવાય ? કે એણે પૂરી ન કરી તો એની ભૂલ કહેવાય ?

પ્રશ્નકર્તા : એક્સપેક્ટેશન રાખીએ આપણી ભૂલ.

પૂજ્યશ્રી : તો પછી આપણી ભૂલ સુધારોને ! અને એ એક્સપેક્ટેશન પૂરી ન કરી શકે સંજોગોવશાત પણ આગળ તો એણે બે-ચાર એક્સપેક્ટેશન પૂરી કરી હશે ને ?

પ્રશ્નકર્તા : હા, પણ જયારે એ પૂરી ના થાય ને, ત્યારે સમજાય નહીં.

પૂજ્યશ્રી : ના સમજાય, તો હવે સમજી રાખો. આજે જ્ઞાન લીધું આપણે. હવે જાગૃતિ રાખો અને પાછળ જ્યાં જ્યાં અપેક્ષા પૂરી ના થઈ હોય અને ભાવ-અભાવ થયા હોય, ભાવો બગડી ગયા હોય, એ બધાના પ્રતિક્રમણ ચાલુ કરો. આખી જિંદગી આ જ જાગૃતિ રાખવી પડશે. જેના પર અટેચમેન્ટ થાય ને, ત્યાં એક્સપેક્ટેશન્સ શરુ થાય અને એક્સપેક્ટેશન્સ પૂરી ના થાય પછી ઝઘડો થઈ જાય, દ્વેષ થઈ જાય, ભેદ પડી જાય. પછી ઘરમાં સાસુ જોડેય થશે, ધણી જોડેય થશે, વહુ જોડેય થશે અને નણંદ જોડેય થશે. બધી તૈયારી રાખવાની શું ? અહીંથી શરૂઆત કરો ફ્રેન્ડ્સમાં અને પછી મમ્મી-પપ્પામાં.

અપેક્ષાનું પરિણામ !

ગુરુજીને શિષ્યો ઉપર અત્યંત રાગ હતો. હંમેશા જેમના પ્રત્યે અત્યંત રાગ હોય તેમના પ્રત્યે અપેક્ષા જન્મે છે. અપેક્ષા એટલે કંઈપણ મેળવવાની ઈચ્છા.

અષાઢાભૂતિ નામના એક ગુરુને ઘણા શિષ્યો હતા. એક વખત તેમના એક શિષ્ય બીમાર પડ્યા અને એમનું મૃત્યુ નજીક આવ્યું. અષાઢાભૂતિ ગુરુને એમના શિષ્યો પ્રત્યે અત્યંત હેત હતું. શિષ્યોએ પણ ગુરુજી પાસેથી ધર્મના પાઠ શીખીને ખુબ પુણ્ય કમાયું હતું. એટલે એમની ઊંચી ગતિ તો નક્કી હતી. શિષ્યના છેલ્લા શ્વાસ ચાલતા હતા ત્યારે ગુરુજીએ તેમને મંત્ર સંભળાવ્યો અને કહ્યું કે "વત્સ, તું જો દેવલોકમાં જાય તો ત્યાંથી આવીને મને ધર્મ પમાડજે અને ઉર્ધ્વગતિમાં જવાનો રસ્તો બતાવજે." શિષ્યએ માથું હલાવીને હા ભણી અને વચન આપ્યું કે "હા, જરૂર આવીશ અને તમને મળીશ."

શિષ્ય મૃત્યુ પામીને દેવલોકમાં જ ગયા. પણ દેવગતિના ભોગવિલાસ અને સુખોમાં ગુરુની વાત અને ગુરુજી, બંનેને ભૂલી ગયા. આ બાજુ ગુરુજી તેમના શિષ્યની રાહ જોતાં રહ્યા.

આમ એક પછી એક ગુરુજીના ચાર શિષ્યોના મૃત્યુ થયા. દરેક પાસે ગુરુજીએ વચન લીધું કે એમણે દેવલોકમાંથી પાછા આવીને મળવું અને ધર્મની વાત કરવી. પણ વર્ષો વીતી ગયા. ગુરુજીના શિષ્યોમાંથી કોઈપણ ગુરુજી પાસે પાછા વાત કરવા કે ધર્મ પમાડવા ન આવ્યા.

ગુરુજીને શિષ્યો ઉપર અત્યંત રાગ હતો. હંમેશા જેમના પ્રત્યે અત્યંત રાગ હોય તેમના પ્રત્યે

અવધિજ્ઞાનથી ગુરુજીના ચોથા શિષ્યએ દેવલોકમાંથી જોયું કે એમના ગુરુજીએ સાધુતા છોડવાનો નિર્ણય લીધો છે. ગુરુજી સાથેના ઋણાનુંબંધથી શિષ્યને ભાવ થયો કે ગુરુજીને ખોટા રસ્તેથી પાછા વાળવા જોઈએ.

અપેક્ષા જન્મે છે. અપેક્ષા એટલે કંઈપણ મેળવવાની ઈચ્છા. અહીં ગુરુજીને અપેક્ષા ઊભી થઈ કે દેવલોકમાંથી તેમના શિષ્યો મળવા આવે અને પોતે આપેલી શિક્ષાના બદલામાં મને ઉર્ધ્વગતિનો રસ્તો બતાવે. પણ શિષ્યો પોતપોતાની દુનિયામાં મશગૂલ થઈને ગુરુજીની અપેક્ષા પૂરી ના કરી શક્યા. જયારે અપેક્ષા પૂરી ના થાય ત્યારે રીએક્શનમાં દ્વેષ ઊભો થાય છે. ગુરુજીને પણ તેમના શિષ્યો ઉપર ક્રોધ આવ્યો. એટલું જ નહીં, ગુરુ મહારાજને ધર્મ ઉપર શંકા પડી. શિષ્યોને ધર્મના પાઠ ભણાવતા ગુરુજીની પોતાની જ ધર્મ ઉપરની શ્રદ્ધા તૂટી ગઈ. "આ બધું તૂત છે ! પાપ-પુણ્ય જેવું કશું છે જ નહીં. જપ-તપ બધા ફોગટના ફાંફાં છે !" એમ વિચારતા વિચારતા તેમણે સાધુપણું ત્યાગીને સંસારી વેશ અપનાવી લેવાનો નિર્ણય કરી લીધો.

અવધિજ્ઞાનથી ગુરુજીના ચોથા શિષ્યએ દેવલોકમાંથી જોયું કે એમના ગુરુજીએ સાધુતા છોડવાનો નિર્ણય લીધો છે. ગુરુજી સાથેના ઋણાનુંબંધથી શિષ્યને ભાવ થયો કે ગુરુજીને ખોટા રસ્તેથી પાછા વાળવા જોઈએ. એ માટે તેઓ પૃથ્વી ઉપર અવતર્યા અને જે રસ્તે ગુરુજી વિચરતા હતા ત્યાં એક દૈવી નાટક રચ્યું.

સૌથી પહેલા દેવે છ (૬) માયાવી છોકરા બનાવ્યા, જેઓ વિહાર કરી રહેલા ગુરુજીને જંગલમાં મળ્યા. એકાંત જંગલમાં સોના અને માણેકજડ્યા સુંદર આભૂષણ પહેરેલા છોકરાઓને જોઈને અષાઢાભૂતિનું મન લલચાયું. સાધુતા છોડીને સંસારમાં જવા તો નીકળ્યા હતા પણ સંસારનો ખર્ચ કાઢવો કઈ રીતે ? એ પ્રશ્ન તેમને થતો જ હતો. ત્યાં આ નાદાન છોકરાઓના આભૂષણો જોઈને તેઓ ભાન ભૂલ્યા. તેમણે છોકરાઓના ઘરેણાં ઉતારીને પોતાની ઝોળીમાં સંતાડી દીધાં. પોતાનો ગુનો ઉઘાડો ન પડે એ ભયથી છોકરાઓને મારીને ત્યાંથી ભાગી નીકળ્યા.

દેવકૃત નાટકમાં, આગળ ગુરુજીને એક સાધ્વીજી મળ્યા. સાધ્વીજીએ હિંસા, ચોરી, જૂઠું બોલવું વગેરે ગુનાના ભયંકર પરિણામ સમજાવ્યા અને વિતરાગ ધર્મની ચર્ચા કરી. ગુરુજીને પોતે ખોટું કર્યું છે તેવું ભાન થયું અને મનમાં ખટકો શરુ થયો.

આગળ જતાં ગુરુજીને એક મોટું સૈન્ય મળ્યું. જેમાં રાજા-રાણી અને તેમનો પરિવાર હતો. ધર્મમાં રુચિ ધરાવતા રાજ પરિવારે ગુરુ મહારાજને જોયા. ધર્મલાભ પામવાના

ઉદ્દેશથી તેઓ ગુરુજીને ઘેરી વળ્યા અને તેમને વહોરાવવા માટે વિનંતી કરી. ગુરુજીના મનમાં પસ્તાવાએ જોર પકડ્યું, “અરેરે, આ લોકો મને એક સાધુ તરીકે આટલું સન્માન કરે છે પણ મેં કેવા અધમ પાપ કર્યા ? જો આ લોકોને મારી હકીકત સમજાશે તો એમનો સાધુઓ ઉપરનો વિશ્વાસ ઉઠી જશે.” એ વિચારે ગુરુજી આનકાની કરીને ત્યાંથી નીકળવા ગયા. પણ રાજાએ તેમની ઝોળી પકડીને રોકવાનો પ્રયત્ન કર્યો અને અચાનક ઝોળી ખૂલતા ચોરીના ઘરેણાં ઉછળીને બહાર પડ્યા. ગુરુજી થરથર કાંપવા લાગ્યા અને હાથથી પોતાનું મોઢું સંતાડીને પસ્તાવાથી રડવા લાગ્યા.

ગુરુજીનો પશ્ચાત્તાપ જોઈને દેવ પ્રગટ થયા અને કહ્યું, “ગુરુજી, શાંત થાઓ. આ છોકરાં, ઘરેણાં, સાધ્વીજી, સૈન્ય, રાજ પરિવાર એ બધું એક દૈવી નાટક હતું, હકીકત નહીં. હું આપનો મૃત્યુ પામેલો ચોથો શિષ્ય છું. મને ઓળખ્યો ?” ગુરુજી આ સાંભળીને થોડા સ્વસ્થ થયા.

“માફ કરજો ગુરુજી. હું તમને આપેલું વચન ચૂકી ગયો. આપની કૃપાથી જ મને દેવલોકનું સુખ મળ્યું પણ દેવગતિના ભોગ-વિલાસમાં હજારો વર્ષો નીકળી ગયા અને અમે બધું ભૂલી ગયા. પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક, મોક્ષ એ બધું જ સાચું છે.”

અષાઢાભૂતિને પોતાનો દોષ સમજાયો. શિષ્યો ઉપર ખોટી અપેક્ષાને કારણે ધર્મમાં ડગી ગયેલી તેમની શ્રદ્ધા જીવંત થઈ. પોતાની ભૂલો માટે તેમણે ખૂબ પસ્તાવો કર્યો અને ફરીથી દીક્ષા લીધી. ઊંચી ભાવના ભાવતા ભાવતા તેઓ તે જ ભવે મોક્ષે ગયા.

જોયું વાચક મિત્રો, આપણે જયારે કોઈના માટે કંઈક સારું કરીએ ત્યારે બદલામાં ‘એમણે મારા માટે આવું કરવું જોઈએ’ એવી અપેક્ષા ઊભી થાય. એ અપેક્ષા આપણને ક્યાંથી ક્યાં લઈ જઈ શકે અને તેમાં કેવું જોખમ છે !



સિક્કાની બીજી બાજુ

"હું આટલું બધું કરું છું પણ ઇટ્સ નેવર ઈનફ !" આવું તમને પણ થતું હશે, રાઈટ ? કે ઘણીવાર કોઈ નજીકની વ્યક્તિએ, ખાસ કરીને આપણા પેરન્ટસે આપણા ઉપર અપેક્ષા રાખી હોય અને એ આપણાથી પૂરી ના થાય તો ? એવા સમયે આપણે શું કરવું ? ચાલો સમજીએ.

પ્રશ્નકર્તા : મારા પપ્પાને મારા પ્રત્યે ખૂબ જ રાગ છે. એમને ખુશ કરવા મેં જેટલું થાય એટલું બધું જ કર્યું છે. ભણવામાં પણ હું આગળ છું અને બીજું જે થાય તે પણ કરું છું. પણ મારાથી બધું તો થાય નહીં ને ! અને હું જે નથી કરતો તેને માટે પપ્પા મને ખૂબ બોલે છે તો મારે શું કરવું ?

પૂજ્યશ્રી : શું નથી કરતો તું ?

પ્રશ્નકર્તા : અત્યારે હું બારમાં ધોરણમાં છું અને ભણવામાં વધુ ધ્યાન આપી રહ્યો છું એટલે મારો મોસ્ટ ઓફ ધ ટાઈમ એમાં જ જાય. પણ પહેલા હું તબલા શીખતો હતો, ક્રિકેટ પણ રમતો હતો. એ બધું અત્યારે બંધ કરવું પડ્યું, ભણવા માટે. તો પપ્પા હવે મને એવું કહે છે 'તે એ કર્યું હોત તો વધારે સારું થાત.' જેમકે, સાત વર્ષનો કોર્સ હોય, ને મેં પાંચ વર્ષ કર્યા હોય તો પપ્પા કહે 'બે વર્ષ માટે કેમ છોડી દીધું ?' અને હું કહું 'પપ્પા ભણવાનું વધી ગયું હતું એટલે' તો પપ્પા માનવા તૈયાર નથી થતા અને કહે છે 'તું તો કંઈ કરતો જ નથી. જો આ લોકો કેવા સરસ તબલા વગાડે છે !' એમ કંપેરીઝન કર્યા કરે છે.

પૂજ્યશ્રી : એટલે આપણે કહેવાનું, 'પપ્પા ! જરાક પરીક્ષા પતે ને, એટલે હું વેકેશનમાં સરસ કરીશ હં." આપણે સમાધાન લાવી નાખો ને ! એ એમનો વ્યુપોઈન્ટ છે અને આ બારમાની પરીક્ષામાં પણ તું ઓછા માર્ક લાવે એ એમને નહીં ચાલે, તું પછી ખાધા

વગર સુકાઈ જાઉં તોય એમને ના ચાલે. તું થોડી તબિયત બનાવે ને બહુ આરામ ના કરે, તોય એ બૂમ પાડે 'થોડો આરામ કરને વધારે !'. એટલે એ તારી બધી બાજુથી કાળજી રાખવા માંગે છે કે તું ઓલ રાઉન્ડર થા. હવે હાફ રાઉન્ડ સારું કે ઓલ રાઉન્ડ સારું ?

પ્રશ્નકર્તા : ઓલ રાઉન્ડ સારું ને !

પૂજ્યશ્રી : ઓલરાઉન્ડ થવા માટે પપ્પાની કાળજી છે તો આપણે પોઝિટિવ લો, 'સારું પપ્પા ધ્યાન રાખીશ. પણ હમણાં હું આ પરીક્ષાના બે મહિના જરા વધારે સાચવી લઉં કેમકે આ બારમાની પરીક્ષા છે. સારા માર્ક મળી જાય, પર્સન્ટેજ આવે, એના માટે થોડી મહેનત કરી લઉં. પપ્પા, હું થોડું વાંચી લઉં કે પહેલા તબલા શીખું ?' તો એ જ પોતે કહેશે 'ના, ના ! તું વાંચી લે પહેલા.' પછી કહેવાનું વેકેશનમાં ફ્રી ટાઈમ છે, એમાં મારે મારો સ્ટડી કરવો જ છે. અને બેસ્ટ, પછી તું અહિયા આવી જજે. સરસ બધી ભક્તિ હોય ને તો એમાં તું તબલા વગાડજે. તને આવડશે ને ? લાવ્યો છે કે તબલા તારા ?

પ્રશ્નકર્તા : ના.

પૂજ્યશ્રી : અરે લાવવા જોઈએ ને ! આપણી પાસે છે ? નગારું પેલું નવરાત્રીનું ઢમ ઢમ ઢમ વાગે એ ના ચાલે હં. તબલા એટલે ખબર છે ને ? બે હોય નાનકડા. તે એ વગાડજે શું ? સરસ ભક્તિ થાય અને પપ્પાનું સમાધાન કરવાનું. પપ્પા આમ બોલે, પણ દિલમાં એમને હોય કે તું બધી રીતે તૈયાર થા. એટલે તું પોઝિટિવ લે. આપણે શું કામ નેગેટિવ જોઈએ ?

પ્રશ્નકર્તા : સમજો કે રાત્રે મમ્મીએ જમવાનું બનાવ્યું હોય ને પપ્પાને ક્યારેક મૂડ ના હોય, ગુસ્સો આવ્યો હોય, તો ગુસ્સો મમ્મી પર કાઢે કે જમવાનું આવું કેમ બનાવે છે ? નવું નવું બનાવ ! એટલે મમ્મી પોતાની રીતે કોશિશ કરતી હોય કે એમને આમ ખુશ કરું. પણ પપ્પા ખુશ થતાં જ નથી. ભાગ્યે જ એમ કહે કે બહુ સારું કર્યું છે.

પૂજ્યશ્રી : આમાં કેવું છે, રાગ-દ્વેષના હિસાબવાળું હોય છે. ખાવાનું નિમિત્ત છે, તું તબલા ના વગાડે તે નિમિત્ત છે. મૂળ આપણા રાગ-દ્વેષના હિસાબ હોય છે. એટલે જે નિમિત્તે, જે કંઈ બોલ્યા, એ બોલવાનું મુખ્ય કારણ નથી હોતું. તું જો તબલા શીખીને કામ કર્યા કરું ને તો બીજી બાબતમાં એમને પાછું વાંકું પડે.

પ્રશ્નકર્તા : એ જ.

પૂજ્યશ્રી : એટલે શું ? તો કહે આપણો હિસાબ છે રાગ દ્વેષનો. એટલે ઊંચામાં ઊંચો ઉપાય, છેલ્લામાં છેલ્લો ઉપાય બતાડુ છું. મમ્મીને કહેવાનું તું આત્માનું જ્ઞાન લે અને પપ્પાના પ્રતિક્રમણ કર. આમાં કેવું છે કે એ લોકોને રાગ છે તારી ઉપર અને રાગમાં પછી અપેક્ષા જન્મે કે 'ભાઈએ આમ તો કરવું જ જોઈએ ને'. અપેક્ષા પછી કોઈ દિવસ પૂરી થાય, કોઈક દિવસ ના ય પૂરી થાયને ? એ પૂરી થવું એ સંજોગાધીન છે. એ માણસના કાબુમાં નથી અને ના પૂરી થાયને ત્યારે એ જ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ઊભો થાય. દ્વેષમાં પછી તું તબલા ના શીખું તોય દ્વેષ ઊભો થાય અને બીજું કંઈપણ બગડે તો પણ દ્વેષ થઈ જાય એકદમ. કેમ ? કેમકે અપેક્ષાથી ઊંધું થયું ! અને અપેક્ષા કેમ હતી ? કેમકે રાગ હતો. હવે આપણી દૃષ્ટિ શું જુએ કે 'મારા પર કેમ ગુસ્સો કરો છો ?' પણ તમે આગળનું નથી જોઈ શકતા કે પપ્પાને કેટલી બધી લાગણી છે આપણા માટે ! રાગ છે, આપણે આ પોઝિટિવ ભાગ જોતાં નથી. પછી નેગેટિવમાં પડી જઈએ છીએ કે 'આ પપ્પા તો બસ ! વાતે વાતે કચકચ કરે છે !' હવે વિતરાગ તો ક્યાંથી થઈ શકે ? સમભાવ ક્યાંથી લાવે ? આ જ્ઞાન હોય તો સમભાવ લાવી શકે અને વિતરાગ થઈ શકે. એટલે આપણે તો એમના રાગમાં વિતરાગ રહેવાનું, આપણે સમભાવ રાખવાનો. એ અપેક્ષા રાખે તો આપણે કહેવાનું 'ચાલો, આપણે એમને આનંદ થાય એવું કરો.'

પપ્પાને જે બાબતમાં દુઃખ થયું હોય એ બાબતને સુધારવાનો આપણે ભલે પ્રયત્ન કરીએ પણ અંદર પ્રતિક્રમણ કરવાથી શું થાય ? કે એમનો હિસાબ ચોખ્ખો થાય છે. આ બાબત સુધરે કે ના સુધરે પણ જો આપણો હિસાબ પૂરો થયોને, તો કોઈ બાબત દુઃખ નહીં આપે. સમજાય ને ?

મનમાં ને મનમાં પ્રતિક્રમણ કરવાનું કે "હે દાદા ભગવાન ! પપ્પાને મેં આ તબલા શીખવાનું પૂરું ના કર્યું તેથી જે દુઃખ થયું છે, તેની માફી માંગુ છું. મને ક્ષમા કરો. આવી ભૂલ નહીં કરવાની શક્તિ આપો. એમને આનંદ રહે એવું થાય એવી કૃપા કરો." તો આપણો

દ્વેષનો હિસાબ પૂરો થશે, પછી એ વઢે તો દુઃખેય નહીં થાય એકબીજાને. એમનુંય સુપરફ્લૂઅસ હશે કેમકે હિસાબ પૂરો થઈ ગયો. મમ્મી સાથે પણ હિસાબ પૂરો થશે તો એમનું ઓછું થઈ ગયું હશે.

પ્રશ્નકર્તા : મને અંદરથી એવું જ લાગ્યા કરે છે કે હું આટલી કોશિશ કરું છું એમને ખુશ કરવાની પણ એ ખુશ થતા નથી. એટલે દરવખતે મને ભોગવટો આવ્યા કરે છે.

પૂજ્યશ્રી : આમાં બે ભાગ પડે છે. એક તબલાનું અથવા તો કોઈ કાર્ય પૂરું કરવું એ કાર્ય સંજોગાધીન છે. રાગ, અપેક્ષા એવા છે કે તું દસ પૂરું કરીશ તો એમને દસથી પંદરની અપેક્ષા ઊભી થશે. તું પંદર સુધી પહોંચીશ તો એમને પંદરથી વીસની અપેક્ષા થશે. કારણ રાગ છે અને રાગ મૂળમાંથી ખલાસ નથી થતો. એટલે આપણે શું કરવું જોઈએ ? અપેક્ષા પ્રમાણે પ્રયત્ન કરો, પૂરી કરી આપો એનો વાંધો નથી. પણ જોડે જોડે પ્રતિક્રમણનું જોર મારો. એનાથી રાગ-દ્વેષના હિસાબ ઓછા થશે અને અપેક્ષા ઓટોમેટિક ઓછી થશે. પછી ભોગવટા ઓછા થશે. એટલે ઉપાયમાં આટલું જ છે કે એમની અપેક્ષા પ્રમાણે પૂરું ન થયું તો પ્રતિક્રમણ કરવાનું. પેલા (બહારના) ઉપાયમાં જોર નહીં મારવાનું, પણ સાધારણ પ્રયત્ન કર્યા કરવાના ! કે ચાલો ટાઈમ હશે તો તબલાનું ય કરીશ. તારે ભણવામાં થોડું રીલેક્સેશન જોઈતું હોય તો થોડા તબલા વગાડી લેવાના. પછી પપ્પા સાંભળે કે 'ઓ હો ! આ તો કરે છે, બરોબર છે." પણ યુ આર ચેન્જિંગ યોર વર્ક, એન્ડ ચેન્જ ઓફ વર્ક ઈસ અ રીક્રીએશન. સમજાયું ને ? ટી.વી., છાપા ને મેગેઝીન જોવાને બદલે જરા તબલા વગાડી નાખવાના, એટલે પ્રેક્ટિસેય થઈ જાય.

પણ એ વસ્તુથી એમને સો ટકા સમાધાન થશે જ એવું નહીં બને. કેમકે મૂળમાં રાગ છે ને એટલે બીજી અપેક્ષા, ત્રીજી અપેક્ષા ઉભી થશે. તું ક્યાં પહોંચીશ પછી ? માટે આપણે પ્રયત્ન ભલે કરીશું પણ એને બદલે અંદર દિલમાં રાખીશું કે મારે એમના પ્રતિક્રમણ કરવા છે. રાગ-દ્વેષમાં સમભાવ રાખવો છે.

નીરુમાનું નિરપેક્ષ જીવન

૧૯૯૬ કે ૧૯૯૭ ની વાત છે. નીરુમાને સત્સંગ માટે દુબઈ જવાનું હતું. ટિકિટ લેવાઈ ગઈ હતી અને વિઝા આવવાના બાકી હતા. સામેથી એક ભાઈએ કહ્યું હતું કે અમે વિઝા મોકલાવી દઈશું પણ નીકળવાના આગલા દિવસ સુધી વિઝા હાથમાં ન આવ્યા. વિઝા ના આવે તો આખી ટ્રિપ કેન્સલ કરવી પડે. ખૂબ પ્રયત્નો કર્યા પછી સવારના ૮ વાગ્યે વિઝા મળ્યા અને ૧૦ વાગ્યાની ફ્લાઈટ હતી. આવી રીતે નીરુમા દુબઈ પહોંચ્યા.

પછી ત્યાં પહોંચીને જેમને ત્યાં રહેવાનું નક્કી થયું હતું, એમણે કહ્યું કે અમારે ત્યાં કોઈ વ્યવસ્થા નથી. વિદેશમાં પહોંચીને રહેવાની વ્યવસ્થા ના થાય તો કોઈને પણ ચિંતા થાય ! પણ નીરુમાને જરાય ચિંતા કે અપમાન જેવું ના લાગ્યું. આ બાજુ વ્યવસ્થા કરનારા આપ્તપુત્રભાઈને વિચારો આવતા હતા કે નીરુમા માટે રહેવાનું હવે શું કરવું ? જેટલા લોકોને ઓળખતા હતા એમનો કોન્ટેક્ટ પણ થતો નહોતો. એવામાં, કોઈ મહાત્માના સગાના ઘરે નીરુમાની રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. પછી નીરુમા જેમના ઘરે જાય, ત્યાં નાનકડા હોલમાં લોકોને મળે, દાદાની વાતો કરે અને ગણ્યા-ગાંઠ્યા લોકોની જ્ઞાનવિધિ થાય.

કોઈપણ અપેક્ષા વગર નીરુમાએ જે જ્ઞાનબીજ વાવ્યા હતા એનું ફળ આજે જોવા મળે છે.

જેટલા જ્ઞાન પામ્યા, તેમના થકી દાદાશ્રીના પુસ્તકો વહેંચાયા. એ વાંચીને ઘણા લોકો જ્ઞાન પામ્યા

અને આજે દુબઈ એક મોટું સેન્ટર બની ગયું છે.

આવી મુશ્કેલીઓ બધાના જીવનમાં આવે. આપણાય જીવનમાં આવતી હોય, જયારે આપણને જોઈએ એવો રીસ્પોન્સ ના મળે, સપોર્ટ ના મળે અને ખૂબ અડચણો આવે. પણ ત્યારે આપણે ભાંગી પડીએ. જયારે નીરુમાની ખુમારી એવી ને એવી જ રહે ! ગમે તેવી મુશ્કેલી આવે, રહેવાનું અને ખાવા-પીવાનું સચવાય કે ના સચવાય, એક જ્ઞાની તરીકે નીરુમાને કોઈ ઓળખે કે ના ઓળખે, એમના ચહેરા ઉપર કશો ફરક જ ના હોય ! એ જ ખુમારીથી તેઓ દાદાનું કામ કર્યે જાય અને સાથે દરેક વ્યક્તિઓ માટે એટલો જ પ્રેમ હોય ! સંપૂર્ણ નિરપેક્ષ જીવન જ જોઈ લો !

“કોઈ જાતની અપેક્ષા નહીં એવું જીવન !!
ત્યાં સંપૂર્ણ શુદ્ધતા હોય.
કોઈપણ જાતનો ડાઘ ત્યાં ના હોય.”

- દાદાશ્રી



યુથ અનુભવ

હું પહેલા કોઈની સાથે જલ્દી બોલતી ન હતી. પણ એક વખત હું સમર કેમ્પમાં આવી ત્યારથી દીદી સાથે મારી સૌથી વધારે વાત થતી ગઈ. જેમ જેમ દીદી સાથે પરિચય વધતો ગયો એમ એમના પોઝિટિવ દેખાતા ગયા. મને થતું કે દીદી મને સમજે છે, મારી વાતો સાંભળે છે. પછી ધીમે ધીમે મને એમ થવા લાગ્યું કે હું જ્યારે દીદીની આસપાસ હોઉં ત્યારે એમણે મારી સાથે વાત કરવી જ જોઈએ, મને બોલાવવી જ જોઈએ અને જો એ બીજા સાથે બોલે કે વાતચીત કરે તો મને ઈર્ષ્યા થાય. મને એટલું જ જોઈતું હતું કે મારી સાથે કોઈ સારી રીતે વાત કરે અને એ દીદી કરતા હતા, એટલે મને એવું લાગ્યું કે એ દીદી મારા માટે જ છે ! પછી એક વખત એવું બન્યું કે દીદી મોબાઈલમાં વાતચીત કરતા કરતા મારી બાજુમાંથી જ નીકળ્યા. એમનું ધ્યાન મારા ઉપર ન હતું એટલે સ્વાભાવિક રીતે એમણે મને ન બોલાવી કે ન મારી સામે જોયું. આવું બે વખત બન્યું એમાં તો મને ખૂબ જ ભોગવટો આવ્યો. અંદર ગુસ્સો આવ્યો કે 'હવે દીદી સાથે બોલવું જ નથી મારે !'

પછી મારો જ ભોગવટો વધતો ગયો. જ્યારે એ દીદીને જોઉં ત્યારે મને યાદ આવે કે એમણે મને ન બોલાવી. બીજી બાજુ મને રીયલાઈઝ પણ થાય કે મને આટલો ભોગવટો છે, બેચેની થાય છે, શાંતિ નથી પણ એ દીદી તો કેવા શાંત દેખાય છે ! મેં જ હાથે કરીને ઉપાધિ વહોરી લીધી છે. એનાલિસિસ કરતા ખબર પડી કે આ મારી અપેક્ષા છે કે એમણે મને બોલાવવી જ જોઈએ. પછી એ દીદીને હું સામેથી એક દિવસ મળવા ગઈ તો એમનું બીહેવિયર તો પહેલા જેવું જ પ્રેમવાળું હતું. ત્યારે મને સમજાયું કે દીદી માટે તો બધા સરખા જ હોય, એમને એવું કંઈ જ ન હતું.

Summer CAMP

For 17 to 21 years Youth Boys

29th April to 1st May

Theme: Goal + Sincerity

- 240+ YMHTians, Coordinators
- 11+ Centers

Adalaj, Trimandir

Dadanagar Convention Center

Log on to youth.dadabhagwan.org

કવિતા

અપેક્ષાઓથી ભરેલી છે, જિંદગી મારી – તમારી,
સામાએ વર્તવું એમ, જેવી ઈચ્છાઓ મનની મારી !

મમ્મી, પપ્પા કે પછી મિત્રો માટે કરીએ કોઈ કામ,
ત્યાં બદલાની આશા, આપણે રાખીએ શું કામ ?

રાગ છે જ્યાં, લગાવ ને અપેક્ષા વધશે ત્યાં ઘણી...
ન પૂરી થાય તો દ્વેષ થાય, ને જાય પછી ભેદ પડી.

માણસ તો છે, સંજોગોને આધીન એટલું જાણજે,
પૂરી ન થાય અપેક્ષા, એમાં દોષિત એને ન માનજે !

અપેક્ષા રાખીએ છે સામે પક્ષે, ભીખ માંગ્યા સમાન,
રાખી તે અપેક્ષા તો એમાં, ભૂલ તારી જ એમ માન.

ન થાય Expectations પૂરી, તો Let go કરી દેજે,
બન્યું જે કંઈ એને, એડજસ્ટ થઈ સ્વીકારી લેજે.

થાય અપેક્ષાઓ શૂન્ય, જઈએ એક પછી એક ઘટાડતા,
ભાવ ન બગડે સામા પ્રત્યે, જઈએ એમ જ્ઞાન ગોઠવતા.

ન હોય પ્રેમમાં અપેક્ષા કદી, ને ન હોય પ્રેમ સાપેક્ષ,
જીવન તો હોય જ્ઞાનીઓ જેવું, અહો કેવું નિરપેક્ષ !

દાદાના યુવાનો દ્વારા

વર્ષ: ૧૦, અંક : ૧
સળંગ અંક : ૧૦૯
મે ૨૦૨૨

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month

જરૂરથી વાંચો

નવેમ્બર 2019

મે 2021

For Free download,
visit www.akramyouth.org

Scan Here

અક્રમ યુથના સભ્યો માટે સૂચના

૧. આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમયુથના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. YGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે. અક્રમયુથ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમયુથ ન મળે તો ફોન નં. 8155007500 પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID NO. 2) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત 3) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.